**સરકારી કર્મચારીઓ/અધિકારીઓને બોલપેન અને રીફીલો પૂરી પાડવા અંગેનાં ધોરણો સુધારવા બાબત.**

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:લખસ-૧૦૮૮-યુઓ-૧૪૪-ક.૨
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૮મી જાન્યુઆરી,૧૯૯૮.

વંચાણે લીધાં:-
૧. સરકારી ઠરાવ ઉ.ખા.ઉ.વિ.ક્રમાંક:લખસ-૧૦૮૧-૮૭૭૭-છાલેસાપ્ર તા.૨૨.૯.૮૧
૨. સરકારી ઠરાવ ઉ.ખા.ઉ.વિ.ક્રમાંક:લખસ-૧૦૮૧-૮૭૭૭-ક. તા.૧૫.૩.૮૨
૩. સરકારી ઠરાવ ઉ.ખા.ઉ.વિ.ક્રમાંક:લખસ-૧૦૮૧-૮૭૭૭-ક. તા.૨૦.૬.૮૪
૪. સરકારી ઠરાવ ઉ.ખા.ઉ.વિ.ક્રમાંક:લખસ-૧૦૮૮-યુઓ-૧૪૪-ક. તા.૨૦.૯.૮૮
૫. ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશનનો તા.૧૦.૪.૯૭નો પત્ર.

**ઠ રા વ :-**

સરકારી કર્મચારીઓને બોલપેન અને રીફીલો પૂરી પાડવાનાં વખતોવખતનાં ધોરણો ઉપર આમુખમાં દર્શાવેલા ઠરાવોથી નક્કી કરવામાં આવેલાં છે. ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન તરફથી આ અંગેનાં હાલનાં ધોરણો અપૂરતા હોવાનું જણાવીને તેમાં સુધારો કરવાની રજૂઆત થતાં તે બાબતે કાળજીપૂર્વકની વિચારણા કરીને અગાઉનાં આદેશોનાં સ્થાને, રવાનગીની તારીખથી અમલમાં આવે તે રીતે, સરકારી કર્મચારીઓ/અધિકારીઓને બોલપેન અને રીફીલો આપવામાં નીચે મુજબનાં ધોરણો ઠરાવતા હુકમો આથી રવાના કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારી/અધિકારીઓનો પ્રકાર | બોલપેનનું ધોરણ | રીફીલનું ધોરણ |
|---|---|---|---|
| ૧. | કારકુન-મદદનીશ જેવા કર્મચારીઓ કે જેઓને સરકારી કામકાજ માટે લખવાની જરૂર વધારે રહે તેમના માટે | રૂ.૨૫/- સુધીની કિંમતની મર્યાદામાં દર વર્ષે એક બોલપેન | દર બે માસે એક લેખે વર્ષે કુલ ૬ રીફીલો |
| ૨. | જેઓને સરકારી કામકાજ અર્થે લખવાની જરૂર વધુ ના પડતી હોય તેવા કર્મચારીઓ | રૂ.૨૫/- સુધીની કિંમતની મર્યાદામાં દર વર્ષે એક બોલપેન | દર ચાર માસે એક લેખે વર્ષે કુલ ત્રણ રીફીલો |
| ૩. | રાજ્યપત્રિત અધિકારીઓ માટે | રૂ.૪૫/- સુધીની કિંમતની મર્યાદામાં વર્ષે એક બોલપેન | દર ત્રણ માસે એક લેખે વર્ષે કુલ ચાર રીફીલો |

પાછળ જુઓ.

આ અંગેનો ખર્ચ જે તે કચેરીએ પોતાની કન્ટીજન્સી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. ખરીદી નિયત પધ્ધતિ અનુસરીને કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની નાણા વિભાગની તા.૬.૧.૯૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

એસ.એન.મોદી,
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા, આયોગ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
* સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાતી મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
પ્રમુખશ્રી, ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન, બ્લોક નં.૩, ત્રીજો માળ, સરદાર પટેલ ભવન, સચિવાલય,ગાંધીનગર
* એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ.
સર્વે કચેરીનાં વડાઓ.
નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારી.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
પસંદગી ફાઇલ.

-------

* પત્ર દ્વારા